2026માં ટીમ ઈન્ડિયાનું શેડ્યૂલ ખૂબ જ વ્યસ્ત રહેશે

ટીમ ઇન્ડિયા વર્ષની શરૂઆત ન્યૂઝીલેન્ડ સામે ઘરઆંગણે સફેદ બોલની સીરિઝથી કરશે અને અંત શ્રીલંકા સામે રમીને કરશે

આ વર્ષે ફેબ્રુઆરીમાં ભારત ઘરઆંગણે ટી-20 વર્લ્ડકપ ટાઇટલનો બચાવ કરવા મેદાને ઉતરશે

નવી દિલ્હી, તા. 01 : ભારતીય ક્રિકેટ ટીમ માટે 2026નું વર્ષ ખૂબ જ વ્યસ્ત રહેવાનું છે. 2025માં ચેમ્પિયન્સ ટ્રોફી અને એશિયન ચેમ્પિયનશિપ જીતી હતી. ટીમ ઇન્ડિયા 2026ની શરૂઆત ન્યુઝીલેન્ડ સામેની સીરિઝથી કરશે. જ્યારે વર્ષના છેલ્લા મહિનામાં ભારત શ્રીલંકા સામે રમશે.

આ વર્ષ ટીમ ઇન્ડિયા માટે ખૂબ જ વ્યસ્ત રહેવાનું છે. ટીમ ઇન્ડિયા ફેબ્રુઆરીમાં ઘરઆંગણે પોતાના વર્લ્ડકપ ટાઇટલનો બચાવ કરવા ઉતરશે, તે પછી તરત જ આઇપીએલનું આયોજન થશે અને ત્યારબાદ ઇંગ્લેન્ડનો પ્રવાસ થશે. અત્યાર સુધી, બીસીસીઆઇએ ફક્ત ઇંગ્લેન્ડ સામેની સીરિઝ સુધીનું સમયપત્રક જાહેર કર્યું છે, જો કે તેના દ્વારા ડિસેમ્બરના અંત સુધીના સમયપત્રકને લગભગ અંતિમ સ્વરૂપ આપી દેવામાં આવ્યું છે. ભારત 2026 ની શરૂઆત ન્યુઝીલેન્ડના પ્રવાસથી કરશે. આ પ્રવાસ 11 જાન્યુઆરીએ ત્રણ મેચની વન ડે સીરિઝ સાથે શરૂ થશે, ત્યારબાદ પાંચ ટી-20 ઇન્ટરનેશનલ મેચ રમાશે. ટી-20 સીરિઝ 21 જાન્યુઆરીએ શરૂ થશે, અને 31 જાન્યુઆરીએ અંતિમ મેચ રમાશે. ત્યારબાદ ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડીઓ તેમના વર્લ્ડ કપ બચાવમાં જોડાશે. 2026 ટીમ ઈન્ડિયા માટે દરેક રીતે નિર્ણાયક વર્ષ રહેશે. T20 વર્લ્ડ કપનું દબાણ, ટેસ્ટ ક્રિકેટમાં પાછા ફરવાનો પડકાર અને વારંવાર વિદેશ પ્રવાસો વચ્ચે સંતુલન જાળવવું એ ટીમ મેનેજમેન્ટ માટે એક મોટી કસોટી હશે.

જાન્યુઆરી ૨૦૨૬ : ન્યુઝીલેન્ડનો ભારત પ્રવાસ

તારીખ	મેચ	સ્થળ
11 જાન્યુઆરી	પહેલી વન ડે	વડોદરા
14 જાન્યુઆરી	બીજી વન ડે	રાજકોટ
18 જાન્યુઆરી	ત્રીજી વન ડે	ઇન્દોર
21 જાન્યુઆરી	પહેલી ટી-20	નાગપુર
23 જાન્યુઆરી	બીજી ટી-20	રાયપુર
25 જાન્યુઆરી	ત્રીજી ટી-20	ગુવાહાટી
28 જાન્યુઆરી	ચોથી ટી-20	વિશાખાપટ્ટનમ
31 જાન્યુઆરી	પાંચમી ટી-20	તિરુવનંતપુરમ

ફેબ્રુઆરી-માર્ચ 2026 : ટી-20 વર્લ્ડકપ (ગ્રુપ મેચો)

તારીખ	હરીફ	સ્થળ
07 ફેબ્રુઆરી	અમેરિકા	મુંબઈ
12 ફેબ્રુઆરી	નામિબિયા	દિલ્હી
15 ફેબ્રુઆરી	પાકિસ્તાન	કોલંબો
18 ફેબ્રુઆરી	નેધરલેન્ડ	અમદાવાદ

જૂન ૨૦૨૬ : સફેદ બોલ સીરિઝ માટે અફઘાનિસ્તાનનો ભારત પ્રવાસ

જુલાઈ ૨૦૨૬ : ભારતનો ઈંગ્લેન્ડ પ્રવાસ, સફેદ બોલ સીરિઝ

તારીખ	મેચ	સ્થળ
01 જુલાઈ	પહેલી ટી-20	ચેસ્ટર-લે-સ્ટ્રીટ
04 જુલાઈ	બીજી ટી-20	માન્ચેસ્ટર
07 જુલાઈ	ત્રીજી ટી-20	નોટિંઘમ
09 જુલાઈ	ચોથી ટી-20	બ્રિસ્ટોલ
11 જુલાઈ	પાંચમી ટી-20	સાઉધમ્પ્ટન
14 જુલાઈ	પહેલી વન ડે	બર્મિંઘમ
16 જુલાઈ	બીજી વન ડે	કાર્ડિફ
19 જુલાઈ	ત્રીજી વન ડે	લોર્ડ્સ

ઓગસ્ટથી ડિસેમ્બર 2026 : સતત વિદેશ અને ઘરઆંગણે મેચો

- » **ઓગસ્ટ ૨૦૨૬ :** ભારત બે ટેસ્ટ માટે શ્રીલંકાનો પ્રવાસ કરશે.
- » **સપ્ટેમ્બર 2026 :** બાંગ્લાદેશ સામે ત્રણ વનડે અને ત્રણ ટી20 મેચની સીરિઝ
- » **સપ્ટેમ્બર 2026 :** અફઘાનિસ્તાન અને ભારત પણ ત્રણ ટી20 મેચની સીરિઝ
- » **સપ્ટેમ્બર 2026 :** જાપાનના આઈચી અને નાગોયા એશિયન ગેમ્સ
- » **સપ્ટેમ્બર 2026 :** વેસ્ટ ઈન્ડિઝ સામે ત્રણ વનડે અને પાંચ ટી-20ની સીરિઝ
- » **ઓક્ટોબર-નવેમ્બર 2026 :** ભારતનો ન્યુઝીલેન્ડ પ્રવાસ - 2 ટેસ્ટ મેચ, 3 વનડે
- » **ડિસેમ્બર 2026 :** શ્રીલંકાનો ભારત પ્રવાસ 3 વન ડે, 3 ટી-20

નવા વર્ષના પ્રારંભની સાથે જ ટી-20 વર્લ્ડકપનું કાઉન્ટડાઉન શરૂ

7 ફેબ્રુઆરીથી શરૂ થઈને 8 માર્ચ સુધી રમાનારો ટી-20 વર્લ્ડકપમાં પહેલીવાર 20 ટીમો ભાગ લેશે, જેમાં ઇટાલી પહેલીવાર રમશે

નવી દિલ્હી, તા. 01 : ભારતીય ક્રિકેટ માટે ગયા વર્ષ ખૂબ જ રસપ્રદ રહ્યું હતું, અને આ સંદર્ભમાં નવું વર્ષ પણ મહત્વપૂર્ણ છે. 2026 ના આગમન સાથે, ઘરઆંગણે રમાનારી મેગા ઇવેન્ટ, ટી-20 વર્લ્ડકપનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. ભારત અને શ્રીલંકાની સહ યજમાનીમાં ટી-20 વર્લ્ડકપની 10મી આવૃતિ 7 ફેબ્રુઆરીથી શરૂ થઈને 8 માર્ચ સુધી ચાલશે .

આ વર્લ્ડ કપ ઐતિહાસિક છે, તેની પાછળનું કારણ એ છે કે પહેલી વાર તેમાં 20 ટીમો ભાગ લઈ રહી છે. જે વૈશ્વિક સ્તરે ક્રિકેટને પ્રોત્સાહન આપવાની આઇસીસીની વ્યૂહરચનાનો એક ભાગ છે. હાલમાં, લગભગ 110 દેશોમાં ક્રિકેટ રમાય છે. આમાંથી 12 આઇસીસીના પૂર્ણ સભ્ય છે અને ટેસ્ટ ક્રિકેટ રમવા માટે માન્યતા પ્રાપ્ત છે. 98 એસોસિયેટ રાષ્ટ્રો છે.

આ વખતે ભારત, યુએસએ, નામિબિયા, નેધરલેન્ડ, પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા, શ્રીલંકા, ઝિમ્બાબ્વે, આયર્લેન્ડ, ઓમાન, ઇંગ્લેન્ડ, વેસ્ટ ઇન્ડીઝ, બાંગ્લાદેશ, ઇટાલી, નેપાળ, દક્ષિણ આફ્રિકા, ન્યુઝીલેન્ડ, અફઘાનિસ્તાન, કેનેડા અને યુએઈ તેમાં ભાગ લઈ રહ્યા છે. તમામ 20 ટીમોને પાંચ-પાંચના ચાર ગ્રુપમાં વહેંચવામાં આવી છે. ઇટાલી પહેલીવાર ટી-20 વર્લ્ડકપમાં ભાગ લઈ રહ્યું છે.

JKPLમાં એક ખેલાડીએ હેલમેટ પર પેલેસ્ટાઈનનો ધ્વજ લગાવતા વિવાદ

પેલેસ્ટાઇનનો ધ્વજ લગાવી મેદાન પર ઉતરેલા ફુરકાન ભટ પર પ્રતિબંધ મુકાયો, પોલીસે સમ્મ્સ પાઠવ્યું

જમ્મુ-કાશ્મીર પ્રીમિયર લીગના આયોજકોને પણ ફુરકાને કરેલા આચરણ અંગે કોઇ માહિતી નહોતી

જમ્મુ, તા. 01 : અહીં આયોજિત જમ્મુ અને કાશ્મીર પ્રિમિયર લીગ (JKPL) એક મોટા વિવાદનો વિષય બની ગઈ છે. લીગ મેચ દરમિયાન એક ક્રિકેટર ફુરકાન ભટે પોતાના હેલ્મેટ પર પેલેસ્ટિનિયન ધ્વજનું સ્ટીકર લગાવ્યું હતું. મેચનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો હતો. આ ઘટના બાદ, જમ્મુ અને કાશ્મીર પોલીસે ફુરકાન ભટને પૂછપરછ માટે સમન્સ પાઠવ્યું છે. પોલીસ મેચ દરમિયાન આવા પ્રતીકનો ઉપયોગ કરવા પાછળનો હેતુ અને આયોજકો પાસેથી પરવાનગી લેવામાં આવી હતી કે કેમ તેની તપાસ કરી રહી છે.

સૂત્રોએ જણાવ્યું છે કે શરૂઆતની તપાસ અને પૂછપરછ બાદ, ફુરકાન ભટને લીગમાં રમવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એવું કહેવાય છે કે ટીમના આયોજક ઝાહિદ ભટને આ ઘટનાની જાણ નહોતી. તેમણે ફોન કોલ દ્વારા પોલીસને જાણ કરી હતી. મામલાની ગંભીરતાને જોતાં, ફુરકાન ભટને ભવિષ્યમાં લીગમાં રમવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ સમગ્ર મામલો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. કેટલાક યુઝર્સ ફુરકાનને ટેકો આપી રહ્યા છે, જ્યારે કેટલાક તેનો વિરોધ કરી રહ્યા છે.

ટી-20 વર્લ્ડકપ માટે ઓસ્ટ્રેલિયન ટીમ જાહેર : સ્પિનરોને પ્રાથમિકતા

ઉપખંડીય પરિસ્થિતિને ધ્યાને લઇને ઓસ્ટ્રેલિયાએ ટીમમાં ચાર સ્પિનરને સમાવ્યા, નિવૃત્તિ લઇ ચૂકેલા મિચેલ સ્ટાર્કને સ્થાને કોઇ ઝડપી બોલરનો સમાવેશ ન કરાયો

મેલબોર્ન, તા. 01 (એપી) ઓસ્ટ્રેલિયન પસંદગીકારોએ ઉપમહાદ્વીપની પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, ભારત અને શ્રીલંકામાં યોજાનાર આગામી ટી-20 વર્લ્ડકપ માટે જાહેર કરેલી તેમની ટીમમાં સ્પિન બોલરોને પ્રાથમિકતા આપી છે.

2021ના ટી-20 વર્લ્ડકપના ગત વિજેતા ઓસ્ટ્રેલિયાએ ગુરુવારે તેની 15 સભ્યોની ટીમની જાહેરાત કરી. જેમાં ટી-20 ઇન્ટરનેશનલમાંથી નિવૃત્તિ લઈ ચૂકેલા મિચેલ સ્ટાર્કને સ્થાને ટીમમાં કોઈપણ ડાબોડી ફાસ્ટ બોલરને સામેલ ન કરવાનો નિર્ણય લીધો હતો. ઓસ્ટ્રેલિયાની છેલ્લી 12 ટી-20 ઇન્ટરનેશનલ મેચોમાંથી એક પણ મેચ ન રમ્યો હોવા છતાં કૂપર કોનોલીને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. સ્ટાર્ક છેલ્લા છ ટી-20 વર્લ્ડકપમાંથી ફક્ત એક જ ચૂક્યો છે.

ઓસ્ટ્રેલિયા ટુર્નામેન્ટની પોતાની પહેલી મેચ ૧૧ ફેબ્રુઆરીએ કોલંબોમાં આયર્લેન્ડ સામે રમશે. ત્યારબાદ તેઓ ૧૩ ફેબ્રુઆરીએ કોલંબોમાં ઝિમ્બાબ્વે સામે રમશે, ત્યારબાદ ૧૬ ફેબ્રુઆરીએ કેન્ડીમાં શ્રીલંકા અને ૨૦ ફેબ્રુઆરીએ ઓમાન સામે રમશે. પેટ કમિન્સ આ મહિનાના અંતમાં તેમની પીઠનું સ્કેન કરાવશે જેથી તેની ભાગીદારી નક્કી કરી શકાય. જોશ હેઝલવુડ અને ટિમ ડેવિડ બંને હેમસ્ટ્રિંગની ઈજાઓમાંથી પરત ફરી રહ્યા છે. આઈસીસીના નિયમો અનુસાર, કોઈપણ ટીમ 31 જાન્યુઆરી સુધી પોતાની ટીમમાં ફેરફાર કરી શકે છે. ઓસ્ટ્રેલિયા આ મહિનાના અંતમાં પાકિસ્તાન સામે ત્રણ મેચની ટી-20 સીરિઝ રમશે. ઓસ્ટ્રેલિયા તેની બધી વર્લ્ડકપ ગ્રુપ સ્ટેજ મેચ શ્રીલંકામાં રમશે, પરંતુ જો તે સુપર આઠમાં પહોંચશે તો તેણે ભારતનો પ્રવાસ કરવો પડશે.

ટી-20 વર્લ્ડકપ માટે ઓસ્ટ્રેલિયા ટીમ: મિચેલ માર્શ (કેપ્ટન), ઝેવિયર બાર્ટલેટ, કૂપર કોનોલી, પેટ કમિન્સ, ટિમ ડેવિડ, કેમરન ગ્રીન, નાથન એલિસ, જોશ હેઝલવુડ, ટ્રેવિસ હેડ, જોશ ઇંગ્લિસ, મેથ્યુ કુનમેન, ગ્લેન મેક્સવેલ, મેથ્યુ શોર્ટ, માર્કસ સ્ટોઇનિસ, એડમ ઝામ્પા.

શું ઉસ્માન ખ્વાજા સિડની ટેસ્ટ પછી નિવૃત્તિ લેવાની આજે જાહેરાત કરશે?

સિડનીમાં રમાનારી પાંચમી એશિઝ ટેસ્ટ ખ્વાજા માટે કેરિયરની છેલ્લી ટેસ્ટ બને તેવા એંધાણ

આજે ખ્વાજા ઓસ્ટ્રેલિયન ટીમના નેટ સેશન પહેલા પ્રેસ કોન્ફરન્સ કરીને પોતાની સ્થિતિ સ્પષ્ટ કરશે

સિડની, તા. 01 : ચોથી જાન્યુઆરીથી અહીં શરૂ થનારી પાંચમી અને અંતિમ એશિઝ ટેસ્ટ પહેલા સિનિયર ઓસ્ટ્રેલિયન બેટ્સમેન ઉસ્માન ખ્વાજાના નિવૃત્તિ અંગે અટકળો ચાલી રહી છે. ખ્વાજા સિડની ટેસ્ટ પહેલા પ્રેસ કોન્ફરન્સ કરીને આ મુદ્દે પોતાનું વલણ સ્પષ્ટ કરશે.

ધ સિડની મોર્નિંગ હેરાલ્ડના અહેવાલ મુજબ, ઉસ્માન ખ્વાજા શુક્રવારે સવારે પ્રેસ કોન્ફરન્સ કરશે અને તેમના ટેસ્ટ ભવિષ્ય અંગે ચાલી રહેલી અફવાઓ પર પરિસ્થિતિ સ્પષ્ટ કરશે. ખ્વાજાની પ્રેસ કોન્ફરન્સ શુક્રવારે ઓસ્ટ્રેલિયન ટીમના તાલીમ સત્ર પહેલા નક્કી કરવામાં આવી છે. ઓસ્ટ્રેલિયાના માજી ક્રિકેટ કેપ્ટન માઈકલ ક્લાર્કે આ અનુભવી બેટ્સમેનને પાંચમી એશિઝ ટેસ્ટ પહેલા નિવૃત્તિ લેવા વિનંતી કરી છે, અને કહ્યું છે કે ખ્વાજા પાસે માથું ઉંચુ રાખીને વિદાય લેવાની એક સારી તક છે. મને લાગે છે કે આ ઉસ્માનની વિદાય ટેસ્ટ મેચ હશે. મને લાગે છે કે તે આ ટેસ્ટ મેચ પછી નિવૃત્તિ લેશે.

ઉસ્માન ખ્વાજા માટે હાલની એશિઝ શ્રેણી મુશ્કેલ રહી છે. પહેલી ટેસ્ટમાં નિષ્ફળ રહેતા, ખ્વાજાને ઈજાના કારણે બીજી ટેસ્ટમાંથી બહાર રહેવાની ફરજ પડી હતી. એડિલેડ ટેસ્ટ માટે બીમાર સ્ટીવ સ્મિથના સ્થાને છેલ્લી ઘડીએ તેને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યો હતો. તેણે મેલબોર્નમાં ટીમમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતું. સિડની ટેસ્ટ માટે પણ તેને પ્લેઈંગ ઈલેવનમાં પસંદ કરવામાં આવશે તે નિશ્ચિત છે. તેણે આ શ્રેણીમાં 2, 82, 40, 29 અને 0 રન બનાવ્યા છે.

આજથી વડોદરામાં WTT યુવા કન્ટેન્ડર અને ફીડર સીરિઝ શરૂ

WTT યુવા કન્ટેન્ડરમાં ચાર દેશના 226 અને ફીડર સિરીઝમાં 10 દેશના 108 મળી કુલ 334 ખેલાડીઓ ભાગ લેશે

વડોદરા, તા. 01 (પીટીઆઈ) : વડોદરાના સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આવતીકાલે શુક્રવારથી શરૂ થતી WTT યુવા કન્ટેન્ડર અને WTT ફીડર સિરીઝમાં 10 દેશોના લગભગ 334 ખેલાડીઓ ટાઈટલ માટે સ્પર્ધા કરશે. આ WTT યુવા સ્પર્ધકોનો બીજો તબક્કો છે, જેમાં 2 થી 5 જાન્યુઆરી દરમિયાન અંડર-11 થી અંડર-19 વય જૂથોની સ્પર્ધાઓ યોજાશે. ત્યારબાદ 7 થી 11 જાન્યુઆરી દરમિયાન WTT ફીડર સીરિઝ યોજાશે. યુવા સ્પર્ધકમાં ચાર દેશોના 226 ખેલાડીઓ ભાગ લેશે જ્યારે ફીડર શ્રેણીમાં 10 દેશોના 108 ખેલાડીઓ ભાગ લેશે. યુવા સ્પર્ધક શુક્રવારથી અંડર-૧૩ અને અંડર-૧૭ સિંગલ્સ સ્પર્ધાઓથી શરૂ થશે, જ્યારે અંડર-૧૧, અંડર-૧૫ અને અંડર-૧૯ સ્પર્ધાઓ ૪ અને ૫ જાન્યુઆરીએ રમાશે. ગયા વર્ષે WTT યુવા સ્પર્ધામાં ભારતનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું. ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયાના સેક્રેટરી જનરલ કમલેશ મહેતાએ એક રિલિઝમાં જણાવ્યું હતું કે ઓલિમ્પિક્સ અને કોમનવેલ્થ ગેમ્સ જેવી મોટી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં ક્વોલિફાય થવા માટે સારી રેન્કિંગ જરૂરી છે. ખેલાડીઓએ રેન્કિંગ પોઈન્ટ મેળવવા માટે વિદેશ પ્રવાસ પર ઘણો ખર્ચ કરવો પડે છે. ભારતમાં આવી ટુર્નામેન્ટ યોજવાથી વધુ ખેલાડીઓને ઓછા ખર્ચે સ્પર્ધા કરવાની તક મળે છે અને તેમને ઘરેલું પરિસ્થિતિઓનો લાભ પણ મળે છે.

વ્લાદિમીર ક્રેમનિકે સ્વિસ સિવિલ કોર્ટમાં FIDE પર માનહાનિનો દાવો કર્યો

સાથી ખેલાડીઓ અને ફિડે દ્વારા કાનૂની કાર્યવાહી કરવાની ફરજ પાડવામાં આવી હોવાનું ક્રેમનિકનું નિવેદન

ક્રેમનિકે લગાવેલા છેતરપીંડીના આરોપને પગલે માનસિક તણાવ વેઠતા નારોદિત્સ્કીનું અવસાન થયું હતું

નવી દિલ્હી, તા. 01 (પીટીઆઈ) : અમેરિકન ગ્રાન્ડમાસ્ટર ડેનિયલ નારોદિત્સ્કીના મૃત્યુ બાદ અપ્રમાણિત છેતરપિંડીના આરોપો સાથે ખેલાડીઓને હેરાન કરવા બદલ જાહેર અદાલતમાં વિશ્વ ચેસ સંચાલક મંડળ (ફિડે) વિરુદ્ધ માનહાનિનો દાવો દાખલ કર્યો છે.

ક્રેમનિકે ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યું કે તેને સાથી ખેલાડીઓ અને ફિડે દ્વારા કાનૂની કાર્યવાહી કરવાની ફરજ પાડવામાં આવી હતી, જેના કારણે તેને કાનૂની કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. ફિડેના સીઈઓ એમિલ સુતોવસ્કીએ નરોદિત્સ્કી સામે છેતરપિંડીના ક્રેમનિકના આરોપોને તપાસનો સામનો કર્યા બાદ રશિયન ચેસ ખેલાડી વ્લાદિમીર ક્રેમનિકે સ્વિસ શરમજનક ગણાવ્યા હતા. 29 વર્ષીય અમેરિકન ખેલાડી નારોદિત્સ્કીના મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી પરંતુ તેણે પોતાના છેલ્લા લાઈવસ્ટ્રીમમાં કહ્યું હતું કે ક્રેમનિકના આરોપોને કારણે તે ખૂબ માનસિક તણાવમાં હતો.

ચેક ગ્રાન્ડમાસ્ટર ડેવિડ નવરાએ પણ કહ્યું કે ક્રેમનિકના ઓનલાઈન છેતરપિંડીના આરોપોથી તે દુઃખી થયો છે. જોકે, રશિયન ખેલાડીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ આરોપો પાયાવિહોણા નથી. માજી વિશ્વ ચેમ્પિયન ક્રેમનિકે કહ્યું કે મેં સ્વિસ કાયદા અનુસાર લૌઝેન કોર્ટમાં ફિડે વિરુદ્ધ ઔપચારિક કાનૂની કાર્યવાહી શરૂ કરી છે. સ્વિસ નિયમો હેઠળ, આ કેસ પહેલા ફરજિયાત પ્રારંભિક પ્રક્રિયામાંથી પસાર થવો આવશ્યક છે. આ તબક્કામાં સામાન્ય રીતે બે થી ત્રણ મહિના લાગે છે.

રાષ્ટ્રીય રમત વહીવટ કાયદો આંશિક રીતે લાગુ કરાયો

તમામ સંસ્થાઓ માટે ઓછામાં ઓછા બે રમતવીરો સહિત 15થી વધુ સભ્યોની કારોબારી સમિતિઓની રચના કરવી ફરજિયાત

નવી દિલ્હી, તા. 01 (પીટીઆઈ) : રાષ્ટ્રીય રમત વહીવટ અધિનિયમ ગુરુવારે આંશિક રીતે અમલમાં આવ્યો, જેનાથી રમતગમતના વિવાદોના ઉકેલ માટે સર્વશક્તિમાન રાષ્ટ્રીય રમતગમત બોર્ડ (NSB) અને મધ્યસ્થી ટ્રિબ્યુનલની રચનાનો માર્ગ મોકળો થયો. આ કાયદાને ગયા વર્ષે 18 ઓગસ્ટના રોજ સૂચિત કરવામાં આવ્યો હતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ તેને દેશમાં સૌથી મોટો રમતગમત સુધારો ગણાવ્યો છે.

અમલમાં મુકવામાં આવી રહેલી જોગવાઈઓ રાષ્ટ્રીય રમતગમત સંસ્થાઓની સ્થાપના અને શાસન માળખા સાથે સંબંધિત છે, જેમાં રાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ, રાષ્ટ્રીય પેરાલિમ્પિક સમિતિ, રાષ્ટ્રીય રમતગમત ફેડરેશન (NSF) અને પ્રાદેશિક રમતગમત ફેડરેશનનો સમાવેશ થાય છે.

મંત્રાલયની એક રિલિઝમાં જણાવાયું છે કે ઉક્ત કાયદાની કલમ 1 થી 3, કલમ 4 ની પેટા-કલમો (1), (2) અને (4), કલમ 5 ની પેટા-કલમો (1) અને (2), કલમ 8 ની પેટા-કલમો (5), કલમ 11 ની પેટા-કલમો (1), કલમ 14 અને 15, કલમ 17 ની પેટા-કલમો (1) થી (7) અને (10), કલમ 30 અને 31, અને કલમ 33 થી 38 ની જોગવાઈઓ લાગુ પડશે.

કાયદાની જોગવાઈઓ હેઠળ, ચૂંટણીઓ પછી, તમામ સંસ્થાઓ માટે ઓછામાં ઓછા બે રમતવીરો (SOM) સહિત 15 થી વધુ સભ્યો ધરાવતી કારોબારી સમિતિઓની રચના કરવી ફરજિયાત રહેશે. આ કાયદાના આંશિક અમલીકરણ સાથે, રાષ્ટ્રીય રમત બોર્ડ (NSB) અને રાષ્ટ્રીય રમત ટ્રિબ્યુનલ (NST) ની રચનાની પ્રક્રિયા પણ શરૂ થશે.

NSB માં એક અધ્યક્ષ અને કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત કરાયેલા સભ્યો હશે, જેમની નિમણૂક ક્ષમતા, પ્રામાણિકતા અને પ્રતિષ્ઠા ધરાવતા વ્યક્તિઓમાંથી કરવામાં આવશે જેમને જાહેર વહીવટ, રમતગમત વહીવટ, રમતગમત કાયદો અને અન્ય સંબંધિત ક્ષેત્રોમાં વિશેષ જ્ઞાન અથવા વ્યવહારુ અનુભવ હશે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ કાયદાને તબક્કાવાર રીતે લાગુ કરવાનો ઉદ્દેશ્ય વૈધાનિક રમત શાસન માળખામાં સરળ સંક્રમણ સુનિશ્ચિત કરવાનો છે.

અનુસંધાન ... પાના પહેલાનું

તમાકુ-પાન ...

કરાયેલ છૂટક વેચાણ કિંમતના આધારે GST મૂલ્ય નક્કી કરવામાં આવશે. ગુટખા પર ૯૧ ટકા, ચાવવાની તમાકુ પર ૮૨ ટકા અને જર્દાની સુગંધિત તમાકુ પર ૮૨ ટકા વધારાની એક્સાઇઝ ડ્યુટી લાદવામાં આવશે. લંબાઈ અને ફિલ્ટરના આધારે, સિગારેટ પર પ્રતિ 1,000 સ્ટીક પર 2,050 થી 8,500 રૂપિયા સુધીનો કર લાગશે. એક્સાઇઝ ડ્યુટીમાંથી મળેલી આવકને નાણા પંચની ભલામણો અનુસાર રાજ્યોમાં વહેંચવામાં આવશે. કેન્દ્રની કર આવક વિભાજ્ય પૂલનો ભાગ છે, અને તેમાંથી 41 ટકા રાજ્યો વચ્ચે વહેંચવામાં આવે છે. આ ઉપરાંત, પાન મસાલા ઉત્પાદન એકમોની ઉત્પાદન ક્ષમતા પર આરોગ્ય ઉપકર વસૂલવામાં આવશે. આ ઉપકરમાંથી થતી આવકનો એક ભાગ આરોગ્ય જાગૃતિ અથવા અન્ય આરોગ્ય સંબંધિત યોજનાઓ/પ્રવૃત્તિઓ દ્વારા રાજ્યો સાથે વહેંચવામાં આવશે. હાલમાં, પાન મસાલા, સિગારેટ, ચાવવાની તમાકુ, સિગાર, હુક્કા, ઝરદા અને સુગંધિત તમાકુ સહિત તમામ તમાકુ ઉત્પાદનો પર 28 ટકા GST અને વિવિધ દરે વળતર સેસ વસૂલવામાં આવે છે. 1 ફેબ્રુઆરીથી, GST દર વધીને 40 ટકા થશે, ઉપરાંત એક્સાઇઝ ડ્યુટી અને વળતર સેસ પણ લાગશે.

ટ્રેનની અન્ય ...

મહિનામાં બીજી આઠ ટ્રેનો સંચાલન માટે તૈયાર થઈ જશે. **ભવિષ્યનું આયોજન:** તેમણે ઉમેર્યું હતું કે, "આ વર્ષના અંત સુધીમાં કુલ 12 ટ્રેનો તૈયાર થઈ જશે. આવતા વર્ષથી ઉત્પાદનમાં વધુ તેજી આવશે કારણ કે ત્યાં સુધીમાં સમગ્ર સપ્લાય ચેઈન વ્યવસ્થિત રીતે કાર્યરત થઈ જશે."

ગુવાહાટી અને ...

છે. હું આગામી બેથી ત્રણ દિવસમાં ચોક્કસ તારીખની જાહેર કરીશ.'' વૈષ્ણવે ઉમેર્યું હતું કે, ૮૨૩ મુસાફરોની ક્ષમતાવાળી ૧૬ કોચવાળી આ ટ્રેનની ડિઝાઇન ગતિ ૧૮૦ કિલોમીટર પ્રતિ કલાક છે. જોકે, બંને શહેરો વચ્ચે ૧૨૦-૧૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડશે, જે આસામ અને પશ્ચિમ બંગાળના મુખ્ય જિલ્લાઓને આવરી લેશે. આ વર્ષે બંને રાજ્યોમાં ચૂંટણી યોજાવાની છે. આ ઘટનાક્રમને દેશ માટે એક મોટું સીમાચિહ્નરૂપ ગણાવતાં વૈષ્ણવે કહ્યું હતું કે, 'વંદે ભારત સ્લીપર ટ્રેનના ટિકિટ ભાડા હવાઈ મુસાફરીની તુલનામાં નોંધપાત્ર રીતે ઓછા હશે. મંત્રીએ કહ્યું, ''વંદે ભારત સ્લીપરમાં થર્ડ-એસી ભાડું લગભગ 2,300 રૂપિયા, સેકન્ડ-એસી લગભગ 3,000 રૂપિયા અને ફર્સ્ટ-એસી લગભગ 3,600 રૂપિયા હશે, જેમાં ભોજનનો પણ સમાવેશ થશે. મધ્યમ વર્ગને ધ્યાનમાં રાખીને ભાડા ડિઝાઇન કરવામાં આવ્યા છે.'' વૈષ્ણવે કહ્યું કે, ગુવાહાટી-કોલકાતા હવાઈ યાત્રાનું ભાડું લગભગ 6,000થી 8,000 રૂપિયા છે. પ્રતિ કિલોમીટર ભાડા વિશે વાત કરતાં મંત્રીએ કહ્યું હતું કે, આ ફર્સ્ટ એસી માટે પ્રતિ કિમી 3.8 રૂપિયા, સેકન્ડ એસી માટે પ્રતિ કિમી 3.1 રૂપિયા અને થર્ડ એસી માટે 2.4 રૂપિયા હશે.

દિલ્હી ડાયરી...

હલચલ મચાવી દીધી છે. એવું જાણવા મળ્યું છે કે, પ્રકાશે મણિને એક ઓફર પણ મોકલી હતી, જેમની પાર્ટી હાલમાં સીપીએમના નેતૃત્વ હેઠળના લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (એલડીએફ)નો ભાગ છે. જોકે, મણિએ ઓફર નકારી કાઢી હોવા છતાં કોંગ્રેસના નેતાઓને આશા હતી કે, મણિ આખરે 'ડૂબતા જહાજ'માંથી કૂદીને યુડીએફમાં જોડાઈ જશે. કોંગ્રેસના નેતૃત્વ હેઠળના ગઠબંધન દ્વારા શાનદાર પ્રદર્શન સાથે ચૂંટણી પરિણામો આવ્યા પછી પણ મણિ છાવણી તરફથી કોંગ્રેસ દ્વારા કેમ્પ બદલવાની ઓફર વિશે કોઈ જવાબ આવ્યો નથી.

હવે વિકસિત ભારત શિક્ષા અધિષ્ઠાન બિલ-2025નો વારો

એવું લાગે છે કે, કેન્દ્રને કોર્ટ વિવાદોમાં પડવાની આદત પડી ગઈ છે, ખાસ કરીને સંસદમાં નવા કાયદા લાવવાના મુદ્દા પર. હવે, એવું લાગે છે કે વિકસિત ભારત શિક્ષા અધિષ્ઠાન બિલ-2025નો વારો છે, જે નકારાત્મક કારણોસર ચર્ચામાં છે. આ બિલના કારણે રાજ્યોનો રોષ વધી ગયો છે. કારણ કે, રાજ્ય સરકારોને લાગે છે કે, પ્રસ્તાવિત કાયદામાં તેમની કોઈ ભૂમિકા નથી. જોકે, સમસ્યાને સમજતા કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સ્પષ્ટતા કરી કે, નવા કાયદા દ્વારા પ્રસ્તાવિત માળખામાં રાજ્યોની ભૂમિકા હશે. તેમણે વધુમાં કહ્યું કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) અને એઆઈસીટીઈ અને એનસીટીઈની હાલની સિસ્ટમમાં રાજ્યની ભાગીદારી સામેલ નહોતી.

બાંગ્લાદેશમાં વધુ...

છે. તાજેતરની ઘટના બાંગ્લાદેશના મૈમનસિંહમાં એક કપડાની ફેક્ટરીમાં સુરક્ષા ફરજ પર હતા ત્યારે બજેન્દ્ર બિશ્વાસ નામના બીજા હિન્દુ વ્યક્તિની ગોળી મારી